સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

મિત્રો-મિત્રો વચ્ચે સંબંધ હૃદય વિનાના હોય છે,
ભાગ-ભાગીદારીમાં પણ, હૃદય વિનાના હોય છે,
હૃદય વિના જ ધબકે સંબંધ દાંપત્ય જીવનમાં -
માનવ શરીર ખોખલાં, હૃદય વિનાનાં હોય છે,
(વિશ્વ હૃદય દિવસ)

હાઈકુ

હોય છે બ્લોક,
નસો બધી પ્રેમની -
સૂકાં હૃદયમાં

લાગણી વિના
ટકી રહ્યાં જીવન -
બાયપાસથી...

ચિંતન

કબીર નાવ તો ઝાંઝરી, ભરી બિરાને ભાર । ખેવટ સૌ પરિયે નહીં, કયોં કર ઉતરે પાર ॥

કબીરજી આ દોહરામાં તૂટેલી-છિદ્રવાળી નાવ થકી ભવપાર ઉતારવાની ચિંતા દર્શાવે છે : 'નાવમાં ગાબડાં પડ્યાં છે અને વધારે પડતો બોજ પણ ભર્યો છે, નાવિક અનુભવી નથી (જ્ઞાની નથી) આવી નાવ (જીવન) અને નાવિક) (જીવ) કેમ કરીને ભવસાગર તરી શકે?' માનવ જીવન ઇચ્છાઓ-અપેક્ષાઓથી ભરપૂર છે એમાં ત્રણ એષણા ખૂબ જ પ્રચલિત છે (૧) વૈતેષણા (૨) પુત્રેષણા (૩) લોકેષણા.

ધન સમુદ્ધિ હોય, પુત્ર પૌત્રો સંતાનો હોય અને સંસાર વ્યવહારમાં માન-સન્માન મળે આ ત્રણ આશા-ઇચ્છાઓ અનેક વાસના-વ્યભિચાર-ખોટાં કામ કરવા તરફ જીવને દોરી જાય છે. આમ આપણી જીવન નાવમાં આવાં મોટાં છિદ્રો છે. એમાં વાસના ઇચ્છાઓ રૂપી ભાર-બોજ આપણે ભરતા રહીએ છીએ આમ છતાં કોઇ સમજુ ગુરૂ કે સત્સંગ મળી જાય તો બચી જવાય પણ બીન અનુભવી નાવિકને ભવસાગરનો કંઇ જ અનુભવ નથી તેથી મઝધારમાં જ એનું ડૂબવાનું નિશ્ચિત છે.

સુવિચાર

- 'ધર્મ સત્યં પ્રતિષ્ઠિતમ્' અર્થાત્ ધર્મનું હૃદય સત્ય છે - **ધર્મસૂત્ર**
- થોડાક આદર્શો સાથેનું જીવન જીવવામાં આવે તો ગૃહસ્થનું જીવન પણ સરળ મુક્તિ મેળવવામાં બાધક નથી - **કુન્દન વ્યાસ**
- પ્રાર્થના નો જવાબ ન હોવા જોઇએ.. જો જવાબ મળે તો એ પત્રવ્યહાર ગણાય.. પ્રાર્થના નહીં - **સાધુ વાસવાણી**
- જે ગયું તે ગયું.. જે નથી તે નથી... આ નરી વાસ્તવિકતા સ્વીકારવાની સમજણ અને શક્તિનું વરદાન પ્રભુ મને આપ!! - **સંત ઓગસ્ટીન**
- હે પ્રભુ!! તે મને આંખો આપી આ અદ્‌ભૂત દુનિયા જોવા... હવે મને હૃદય આપ સઘળે તને જોવા - **મકરંદ દવે**
- ધીરજ ધરવી, માફી આપવી, સંયમ રાખવો, ચોરી ન કરવી, ઇન્દ્રિયો પર કાબુ, બુદ્ધિ, જ્ઞાન, સાચું બોલવું અને ગુસ્સો ન કરવો એ દસ ધર્મની નિશાની છે - **મનુ સ્મૃતિ**
- માથે ધોળા આવે તેથી માણસ વૃદ્ધ થતો નથી, જે યુવાન હોય છતાં અભ્યાસમાં જ્ઞાની હોય તેને દેવો પણ વૃદ્ધ વડીલ ગણી નમન કરે છે - **ઋષિ પરાશર**

- સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

જે ઘરમાં કુસંપ, કકળાટ, ઇર્ષા, નિંદા, તારું-મારું વડીલોનું અપમાન, બાળકોની નારાજી હોય ત્યાં દારિદ્રય, રોગ અને અશાંતિ જ હોય - લક્ષ્મી-ધન સમૃદ્ધિ ત્યાં પળભર પણ રહે નહીં...

શેઠ શાંત સ્વભાવના અને ન્યાયી હતા તેથી બાપ-દાદાના સમયથી લક્ષ્મીજી ત્યાં જ રહ્યાં હતા. પરંતુ ચાર પુત્રો અને પુત્રવધુઓ ઘરમાં આવતાં હવે ધીમો ધીમો કલહ-કંકાસ શરૂ થયો હતો. સ્ત્રીઓમાં તારું-મારું અને બાળકોમાં ભેદભાવ શરૂ થયા હતા. આમ છતાં શેઠની મા-ખૂબ ધર્મિષ્ઠ અને મહેનતુ હતા. માજી શરીરે પણ નિરોગી હતા. જે કામ દેખાય તે જાતે કરી લેતાં - પરિવાર એને કારણે જ પરોવાયેલો રહ્યો હતો એમ કહી શકાય.

એક રાત્રે લક્ષ્મીજી શેઠ પાસે આવ્યાં અને કહ્યું - 'શેઠ! તમારા બાપ-દાદાના સમયથી હું તમારે ત્યાં છું પણ હવે ઘરમાં 'અશાંતિ' જેવું લાગે છે એટલે હું તમને છોડી જઇશ માટે છેલ્લું વરદાન માગી લ્યો!'

શેઠ કહે, 'હું મારી માને પુછી કાલે વરદાન માગીશ.'

મા કહે, દિકરા! લક્ષ્મીને કહેજે, 'જાવ ભલે પણ અમારા ઘરમાં પ્રેમ-ત્યાગ-શાંતિ રહે એવું વરસાન આપો.'

.. શેઠની વાત સાંભળી લક્ષ્મીજી કહે, 'હું પ્રેમની જ દાસી છું તમારી ઇચ્છા જાણી હું અહીં જ રોકાઇ જાઉં છું - જતી નથી.'

Email - sureshchandrabhatt18@gmail.com

...બેટા, શાંતિથી જૂઓ, બુમાબુમ અને ઘોંઘાટ કરવાથી વન્યપ્રાણીઓને ખલેલ પડે છે

વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીની તૈયારીઓ થઇ રહી હતી. પાર્કના મગર કુંડ પાસે આવેલ કચ્છી ભુંગાને રંગરોગાન થતું હતું. કચ્છી ભુંગાની આ પ્રતિકૃતિ ઘણાં વર્ષો પહેલાં બનાવનાર કારીગરો અને તેમના પ્રેરક વિચારશીલ અધિકારીઓ અંગે હું વિચાર કરતો હતો, કેમ કે છેલ્લા ઘણા વર્ષથી તેનો ઉપયોગ વધારાનો સામાન કે પાવડા, તગારાં કે ત્રિકમ જેવાં ઓજારો રાખવા માટે થતો હતો.

'સાહેબ શું વિચાર કરો છો?' કલરકામ કરતાં મુકેશે પુછ્યું.

'કંઇ નહીં'

'તમે કંઇક ઊંડા વિચારમાં હો એવું લાગ્યું એટલે પુછ્યું.'

'એ તો આ કચ્છી ભુંગાને જોઇને મને વિચાર આવ્યો કે અહીં આ શા માટે બનાવ્યું હશે?' 'પ્રવાસીઓને આપણી સંસ્કૃતિ અને કલાનો પરિચય મળે તે માટે બનાવતાં તો બનાવી દીધું પણ હવે પ્રાણી સંગ્રહાલય વચ્ચે કંઇ બરાબર જામતું નથી. એવું તમને લાગ્યું હશે ખરૂં ને?' 'હાં એમ જ, મને તો લાગે છે કે આ બન્યા પછી તેનો ખાસ કંઇ ઉપયોગ પણ થયો નહીં હોય.'

'ના.. ના.. એવું નથી હરણોદ્યાનમાં ઇન્દ્રોડા ગામમાંથી અવાતું ત્યારે આ જગ્યાની રોનક કંઇક જૂદી જ હતી. અહીં રેઇન ટ્રી અને લીમડાના મોટાં ઝાડ હોવાથી પ્રવાસીઓ પોરો ખાવા બેસતા. તે વખતે અહીં આઇસક્રીમ પાર્લર બનાવવામાં આવેલું.'

'તો પછી બંધ કેમ થઇ ગયું?'

એ વખતે પ્રવાસીઓ બહુ આવતા નહીં. તેથી વેચાણ ઓછું થતું અને આઇસક્રીમને સાચવવા ડીપ ફ્રિઝર રાખેલો તેનું વીજળીનું બીલ વધારે આવતાં ખોટનાં ધંધા થયેલા.' મુકેશે વાત કરી.

'તે આ પાર્લર શરૂ કોણે કરેલું?'

'પાર્ક વોર્ડન સાહેબના કહેવાથી મજૂરોની સહકારી મંડળી બનાવેલી. તેના કામ દ્વારા શરૂ પણ કરેલું પણ લાખના બાર હજાર જેવો ઘાટ થયો.' મુકેશે કચ્છ ભુંગાની કલાત્મક બારસાંખને ઇબ્લોટચ આપતાં કહ્યું.

'આ શું છે?' મુકેશની નજીકમાં પડેલ બે ત્રણ કાળા રંગની સળીઓ જેવો દેખાતી વસ્તુ પર નજર પડતાં મેં પુછ્યું. તેના છેડા સફેદ હતા. પહેલા દૂરથી મને એમ લાગેલું કે કદાચ કલરકામની પીંછીઓ હશે. પણ આ તો કંઇક બીજું જ હતું.

'શાહુડીના પીંછા છે. તેના પાંજરાનું કલરકામ કરતો હતો ત્યારે મળેલ એટલે અહીં મુકી સંખ્યા છે.' 'સાંભળવામાં આવ્યું છે કે આપણા પાર્કમાં ખુલ્લામાં પણ ઘણી શાહુડીઓ છે?'

'હાં, સાચી વાત છે. આ નદી કિનારાનો કોતરાળો વિસ્તાર હોવાની કુદરતી અવસ્થામાં અહીં શાહુડીઓ રહે છે. જો કે તે નિશાચર હોવાથી દિવસે જોવા મળતી નથી. શાહુડીને શેઢાળી પણ કહેવામાં આવે છે.'

અમારી આ વાતચીત ચાલતી હતી ત્યારે મગર કુંડ બાજુથી ત્રણચાર બાળકો આવીને ઊભાં રહી ગયેલા હતા. તે અમારી વાત સાંભળતાં હતા. તેમાંથી એક છોકરો મારી નજીક આવ્યો અને તેણે પુછ્યું.

'અંકલ અહીં શાહુડીઓ છે?'

'હાં'

'તો જોવા મળી શકે?'

'કેમ નહીં, અહીંથી મગરના પાંજરાની પાછળ જાળી ઢાંકેલું પાંજરું છે. તેમાં શાહુડીને રાખવામાં આવી છે.'

'અમે એ બાજુથી જ આવ્યા પણ અમને તો ક્યાંક દેખાઇ નહીં તમે બતાવશો?'

'હાં ચાલો હું એ બાળકોની સાથે શાહુડીનાં પીંજરા પાસે આવ્યો. મેં કહ્યું.'

'જુઓ અહીં એક કુદરતી બખોલ જેવું બનાવ્યું છે, તેમાં શાહુડી રહે છે. હમણાં બખોલની અંદર છે એટલે તમે જોઇ શક્યા નહીં હોય. અહીં આ બોર્ડમાં તેના વિષે માહિતી લખેલી છે. શાહુડી ૬૦ થી ૭૦ સે.મી. લંબાઇ અને ૧૦ કિલોગ્રામ વજન ધરાવે છે. તે દશથી પંદર વર્ષનું આયુષ્ય ભોગવે છે. ડિસેમ્બર મહિનામાં બે થી ચાર બચ્ચાંને જન્મ આપે છે.'

'અરે...! અરે... જુઓ શાહુડી બહાર આવી રહી છે. એક છોકરાને જોરથી બુમ પાડી.'

'બેટા, શાંતિથી જૂઓ, બુમાબુમ અને ઘોંઘાટ કરવાથી વન્યપ્રાણીઓને ખલેલ પડે છે. શાંતિથી ઉભા રહીને જૂઓ હમણાં શાહુડી બહાર આવશે. જુઓ શાહુડી કાળાશ પડતા રંગની હોય છે. અને તેના પાછળના ભાગે લાંબા કાંટા હોય છે. જેના છેડા સફેદ હોય છે. શિકાર તરફથી જયારે ભય લાગે ત્યારે તે પાછા પગે શિકાર પર હુમલો કરી દે છે.'

'અંકલ શાહુડી ખાતી શું હશે?'

'શાહુડી આમ તો તમામ જાતના અનાજ, કંદમૂળ, ફળ, શાકભાજી બધું ખાય છે. અહીં પલાયેલા ચણા અને દૂધી તેને ખાવા આપેલી છે. તે સામે પડી છે જોઇ અને દૂધી તેને ખાવા આપેલી છે. તે સામે પડી છે જોઇ.'

'હાં... હાં... બરાબર.'

'શાહુડી જંગલમાં હોય ત્યારે મરેલા ઢોરનાં હાડકાં અને ઝાડની છાલ ખોતરી ખાતી હોય છે એવું જણાયું છે.' વાત ચાલતી હતી ત્યાં એક શાહુજી બખોલમાંથી બહાર આવી અને બીજીનું પણ મોઢું દેખાતું હતું.

'શાહુડીને પુંછડી હોય છે?' અમારી પાછળ ઊભી રહેલી એક નાની બાળકીને પુછ્યું.

'હાં શાહુડીને ટૂંકી પુંછડી હોય છે. પણ તેના ફરતા લાંબા કાંટાના આવરણને કારણે તે દેખાતી નથી. તે પોતાના કાંટાની સળીઓ ખખડાવી ઘુઘરા જેવો અવાજ કરે છે. આ પ્રાણી જયારે તેના શિકાર પર હુમલો કરે છે ત્યારે દુશ્મન જો ખસી ન જાય તો તેના અણીદાર કાંટા તેના શરીરમાં ઉંડે સુધી ખૂંપી જાય છે. જો કે મેં કહ્યું તેમ હુમલો કરતાં પહેલાં એ દુશ્મનને ચેતવણી આપે છે.'

'આપણે ત્યાં આ શાહુડીઓ ક્યાંથી આવી હશે? તેને કોણ લાવ્યું હશે?'

'એ તો તમે શાહુડીઓને સાચવનારા આ કીપરભાઇઓને જ પુછી જુઓને' મેં કહ્યું. એટલે બાળકોની ટોળી ત્યાં સફાઇ કરતા કીપર કાળાજી તરફ ફર્યું.

'કાળાજી આ બાળકોની સાથે મને પણ કુતૂહલ અને જાણવાની જીજ્ઞાસા છે કે આ શાહુડીઓ અહીં ક્યાંથી આવી હશે?' તમે કંઇ જાણો છો?

'હાં સાહેબ હું તો હમણાં થોડા વખતથી જ અહીં કામ કરું છું. પણ એવું જાણવા મળ્યું છે કે થોડા વર્ષો પહેલાં અહીં શિકારીઓ આવેલા.'

'શિકારીઓ અહીં ક્યાંથી આવે.'

'અમદાવાદ બાજુના હતા. વાઘરી કોમના ત્રણચાર જણ સાંજના સમયે શાહપુર બાજુની તારની વાડમાંથી ઘુસી આવેલા. કોતરોમાં ફરતાં ફરતાં શાહુડીને જોતાં તેના પર લાકડીથી પ્રહાર કરેલો તે છટકીને ભાગી ગયેલ અને બખોલમાં સંતાઇ ગયેલ. તે આ લોકો જોઇ ગયા. પછી તો રાત્રે મોડે સુધી સંતાઇ રહ્યા પણ ભયના માર્યા શાહુડી બહાર નીકળી જ નહીં.'

'પછી એ લોકો એ શું કર્યું' એક છોકરાને પુછ્યું.

'એ લોકોએ તેની બખોલ આગળ કાંટા અને ઝાંખરાં ભરી દીધાં અને આગ લગાડી જેથી ગરમી લાગવાથી ગભરાઇને શાહુડી બહાર નીકળે.'

'તો શું શાહુડી બહાર નીકળેલી.'

'ના, કેમ કે શાહુડીઓ જમીનની નીચે માટી ખોદીને પોતાની રીતે કે અન્ય પ્રાણીઓ એ બનાવીને છોડી દીધેલ ઊંડી બખોલમાં રહેલી હોય છે. આખી બખોલમાં બે ત્રણ માર્ગ હોય છે. જેથી ભય જણાય તો તો ભાગી શકે છે.

તે રાત્રી દરમિયાન દરમાંથી બહાર નીકળે છે. તે એકલી ફરતી જોવા મળે છે. શાહુડીનું હચ્ચું નાનું હોય ત્યારે તેના કાંટા નરમ હોય છે. ઉંમર વધતાં તે કડક થાય છે.'

'તમે આ શાહુડીઓ ક્યાંથી લાવ્યાં?' એક છોકરીએ પુછ્યું.

'મેં તમને વાત કરીને કે શિકારીઓ આવેલા તેમને શાહુડી પર હુમલો કરેલો. એ ઘાયલ શાહુડી બીજા દિવસે અમારા ચોકીદાર જોઇ ગયેલા તેથી તેને અહીં લાવ્યા. અને તેની સારવાર કરી પછી પણ એક શાહુડી બિમાર હોવાથી લાવવામાં આવેલી જેથી બંનેની જોડી થઇ ગયેલી.' કીપર કાળાજીએ કહ્યું. 'તો પછી પેલાં શિકારીઓનું શું થયું?'

જંગલમાં અવાજ આવતાં રાતે ચોકી કરતા ચોકીદાર એ તરફ ગયા એ આગ સળગતી જોઇ એટલે આજુબાજુ તપાસ કરી. ચોકીદારોને આવી ગયેલા જોઇને શિકારીઓ ભાગી છૂટ્યા. અને રાત્રીના અંધકારમાં ઓગળી ગયા.

પણ શાહુજીઓને ચોકીદારોએ બચાવી લીધી. તેની બખોલ પાસે સળગતાં ઝાડી ઝાંખરાની આગ બુઝાવી નાંખી અને એ લોકો આખી રાત પેલા શિકારીઓની રાહ જોતા બેસી રહેલા. પણ પછી શિકારીઓ આવે ખરા કે'

'અંકલ તમે સફાઇ કરો છો તેમાં આ લાંબી શિગાર જેવું શું છે?' એક છોકરાએ કીપર કાળાજીને પુછ્યું. 'એ શાહુડીની લીંડીઓ છે.'

'છોકરાંઓ ચાલો હજુ ઘણું જોવાનું બાકી છે. અહીં જ કેમ અટકી ગયા.' શાળાની શિક્ષિકાએ દૂરથી છોકરાઓને બોલાવ્યા એટલે એ ચાલતાં થયા.

હું શાહુડીના પાંજરામાં પાસેથી આગળ વધ્યો. (ક્રમશઃ)

તેમની કાવ્યશૈલી નારી હૃદયના સ્પંદનો ઝીલે છે તો ક્યારેક મનુષ્ય જીવનની વિડંબનાઓનું પણ બયાન કરે છે

જશુબેન બકરાણીયા
મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જીવન કેવળ ભૌતિક જગતનું પૂરતું જ સીમિત નથી. સાથે સાથે આંતરચેતનાનો પણ વિકાસ થવો જોઇએ. મનુષ્યને ભગવાને સર્જનાત્મક શક્તિઓ આપી છે. વિશ્વકર્મા પ્રભુએ કલાની બક્ષિસ કરી છે. તે સર્વનો મનુષ્યએ જીવન વિકાસ માટે ઉપયોગ કરવો જોઇએ. સખીવૃંદમાં એવી ઘણી નારીઓ છએ જેમની પાસે કલા છે, સંગીત છે. ચિત્રકળા અને કાવ્યકલા પણ છે. કાવ્યકલાના વાહક કવયિત્રી એટલે જશુબેન બકરાણીયા. સખીવૃંદમાં તો તેમની ઓળખ જ્ઞાતિકક્ષાએ છે જે પરંતુ જશુબેન સાહિત્ય સંસ્થાઓમાં પણ જોવા મળે. સાહિત્યસભા હોય કે સંગીતસભા જશુબેનની મુલાકાત અવશ્ય થાય. કવિતાની રચના કરવી એ તેમના શોખનો વિષય છે. રચના સાહિત્ય સંસ્થા જયારે રાજકોટ મુકદ્દમે સક્રિય હતી ત્યારે તે સંસ્થાના દરેક કાર્યક્રમમાં જશુબહેન બકરાણીયા ન હોય તો જ નવાઇ.

કાવ્ય સર્જનનો શોખ તેમને ૧૯૯૦થી જૂનાગઢ મુકામેથી લાગ્યા. ત્યારબાદ તેમનો પરિવાર રાજકોટ મુકામે સ્થિર થયો. રાજકોટમાં તેમની સર્જનશક્તિને જે વાતાવરણ જોઇએ તે મળી ગયું. વિશ્વકર્મા પ્રભુના વંશજ ગુર્જર સુતાર જ્ઞાતિના સામયિકોમાં પણ તેમની રચનાઓ પ્રગટ થતી રહે છે. ચિત્રો દોરવા, સંગીત સાંભળવું, મુશાયરાઓ અને કવિસંમેલનમાં શ્રોતા તરીકે ઉપસ્થિત રહેવું વગેરે તેમના શોખના વિષયો છે.

તેમનો જન્મ ૧૪-૧૨-૧૯૫૮ના રોજ વતન નાવડા તા. વંથલીમાં થયો છે. તેઓ માત્ર ગુજરાતી સાત ધોરણ ભણેલા છે. પરંતુ કવિતા સર્જન કરતાં જશુબેનનું જીવન સાક્ષરને શોભે તેવું છે. સાહિત્ય અને કલાથી માણસ અભણ હોય તો પણ સાક્ષર બની જાય છે. એ વિદ્યાનો કરિશ્મો છે.

તેમની સર્વ પ્રથમ કાવ્યકૃતિ 'આવકાર' સામયિકમાં પ્રગટ થઇ ત્યારબાદ ગુજરાત સમાચાર, વિશ્વકર્મા વિશ્વ, આજકાલ વગેરેમાં તેઓ કાવ્ય પ્રગટ કરતા રહ્યા. રચના સંસ્થા દ્વારા મહિલા દિન નિમિતે પાંચ મહિલા કવિયત્રીઓના કાવ્યનું સંપાદન નામે 'કવિતાનું સરનામું' પ્રગટ થયું તેમાં પણ જશુબેનની કેટલીક ઉત્તમ કવિતાઓ સમાવિષ્ટ છે.

તેમની કવિયત્રી તરીકેની સર્જનયાત્રા જોઇએ તો રાજકોટ દૂરદર્શન પરથી ૨૦૦૭ની સાલે 'પારિજાત' નામના કાવ્યપઠન વિષયક કાર્યક્રમમાં તેમણે કાવ્યપાઠ કર્યો અને દૂરદર્શન પરથી હજારો લોકોએ તે કાર્યક્રમ સાંભળ્યો. ૨૦૦૭ની સાલે વામા મહિલા સંસ્થા દ્વારા દેશના ખ્યાતનામ હિન્દી કવિઓ અને ગુજરાતી કવિયત્રીઓનું સંયુક્ત કવિસંમેલન યોજાયું જેમાં જશુબેન પણ કવિયત્રી તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા સ્વરચિત સુંદર કવિતાઓનો કાવ્યપાઠ થયો. એ જ રીતે ૨૦૧૦માં અખિલ હિન્દી મહિલા પરિષદ અને મહિલાઓની સંસ્થા વામાના સંયુક્ત ઉપક્રમ રાજકોટ મુકામે ગુજરાતી ૧૧ કવિયત્રીઓનું કાવ્યસંમેલન વિરાણી હાઇસ્કૂલના મધ્યસ્થ ખંડમાં યોજાયેલ જેમાં જશુબેન બકરાણીયા પણ કવિયત્રી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આમ કવિસંમેલનોમાં જશુબેન કવિયત્રી તરીકે ઉપસ્થિત રહે છે અને પોતાની રચનાઓનો કાવ્યપાઠ કરે છે.

તેમની કાવ્યશૈલી નારી હૃદયના સ્પંદનો ઝીલે છે તો ક્યારેક મનુષ્ય જીવનની વિડંબનાઓનું પણ બયાન કરે છે. મનુષ્ય જીવન સાંપ્રત સમયે ભૌતિકવાદ તરફની દોડમાં છે. ત્યારે મનુષ્યને ઢંઢોળતા આ કવિયત્રી કહે છે :

તારું જ હશે એ ઘર પછી, તું ઘર સુધી તો જા
આમતેમ ન ફર હવે, અગમ સુધી તો જા,
ઓ માનવ રે માનવી, ચેતન સુધી તો જા.

મનુષ્યનો ખરો મુકામ આંતર ચેતનામાં છે. તે જ તેનું સાચું ઘર છે. પરંતુ મનુષ્ય તે મૂળ કેન્દ્રબિંદુ ખોઇ બેઠો છે અને આમતેમ બાહ્યજગતમાં ભટક્યા કરે છે. જ્ઞાનીઓએ તે સ્થાનને અગમ કહ્યું છે કારણ કે તે આંતરચેતનાના સ્તરે અનુભવી શકાય છે. તે કોઇ ભૌતિક સ્થળ નથી કે આપણે ત્યાં પહોંચી જઇએ. એ તો આપણું ચેતન છે જેને અનુભવી શકાય છે ચીંધી શકાતું નથી. એ જ ખરો નિવાસ છે. એ ઘરનો માલિક તું જ છે. તારું જ એ ખરું ઘર છે. કવિયત્રી અગમ શબ્દ પ્રયોજે છે અગમ સુધી જવાની યાત્રા તરફ નિર્દેશ કરે છે.

આત્માના ઉજાશની પ્યાસ આ કવિયત્રીને છે. અન્વેષણા પણ એની જ છે. જે દોડ છે તે કશુંક પામવાની છે જે પામી શકાયું નથી. કવિયત્રી આ વાત કરતાં અન્ય એક કાવ્યમાં કહે છે :

સંતો અને મહંતોની નાતમાં
રોજ રોજ ભળ્યા કરું
આત્માના ઉજાશને એમ હું
કોર્યા કરું
વર્ષોના વર્ષોથી દોડ્યા કરું
માનવ કેરી વસ્તી અહીં
માનવને ખોળ્યા કરું.

આ રીતે તેમની થોડી કાવ્યપંક્તિઓ ટાંકીને તેમની કાવ્યશૈલીનો પરિચય કરાવવાનો ઉપક્રમ રહ્યો છે.

કાવ્યની સાથે સાથે જશુબેન ચિત્રકલા અને અન્ય કલાઓનો પણ શોખ ધરાવે છે. સ્વર્ણિમ સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી ૧૫મી ઓગસ્ટ ૨૦૧૦ની સાલે કલેકટર કચેરી દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલો અને એ નિમિત્તે તેમને રાજકોટ કલાદર્શન સમિતિ દ્વારા પ્રાવિણ્ય પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

ગુર્જર સુતાર જ્ઞાતિનું 'ગજ્જર સખી વૃંદ' પણ ચાલે છે તેમાં પણ વિશ્વકર્મા પ્રભુની આ દીકરી કમિટી મેમ્બર તરીકે કાર્યરત છે. જશુબેનની પ્રતિભા આ રીતે કાવ્યસર્જનની સાથે સાથે અન્ય કલાક્ષેત્રોમાં પણ જબકે છે તે તેમના જીવનની ખરી સફળતા છે. તેમને અનેક શુભેચ્છા પાઠવીએ.

દુનિયાનો કોઇ ધર્મ ખોટું કે ખરાબ શીખવતો નથી; બની બેઠેલા ધર્માત્માઓ જ ગડબડ ઊભી કરે છે...

LET US PLAY GOD - GOD
વિચારયાત્રા

- ડો. જય ઓઝા

આજકાલ ધર્મનો પ્રચાર કરનારા સંપ્રદાયો ખૂબ વધી ગયા છે... આજકાલ દરેક સંપ્રદાયને સુપર સ્પેશિયલ અને યુનિક થવું છે...

'ધારયતિ ઇતિ ધર્મઃ' અને 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' વાળા વાક્યો અને તેનો અસલ અર્થ ક્યારનો સ્વાહા થઇ ગયો છે...

(હા! ભાઇ આ ધર્મ અને સંપ્રદાય વચ્ચે પાછું આભ-જમીનનો તફાવત છે - Religion એટલે સંપ્રદાય. Religion એટલે ધર્મ નહીં. આ વળી અલગ કન્ફ્યુઝન છે પછી કોઇ વાર વાત)

હા! તો આજકાલ ધર્મ શિખવતા સંપ્રદાયો ખરેખર શું શીખવે છે? - ધર્મ એ મોટા મોટા કલાત્મક સ્મારકો બનાવવાની સ્પર્ધા છે.

લોકો મલ્ટિપ્લેક્સમાં પિક્ચરો જોઇને કંટાળે છે, પછી કોઇક દિવસ ફોર અ ચેન્જ કોઇક સંપ્રદાયના મ્યુઝિયમની મુલાકાત લઇ આવે છે... મલ્ટિમીડિયા શો જોઇ આવે છે... મંદિરની જ રેસ્ટોરામાં પિઝા પેપ્સી આરોગીને રવિવારને ધાર્મિક બનાવે છે...

તો વળી સંપ્રદાયો માત્ર આલીશાન મંદિરો કે સ્મારકો બનાવીને બેસી ન રહેતા વિશાળ સંકુલવાળી આલીશાન Internation School બનાવે છે... ધર્મના નામે અઢળખ રૂપિતા આપતા વાલીઓ પાસેથી વિદ્યાર્થીઓ ઢસડી લાવે છે, અને તે જ સંસ્થામાં શિક્ષકોને મામૂલી માનધન આપીને માન હણવાનું કાર્ય કરે છે...

આની કરતા તો બીજા ટ્રસ્ટની મોંઘાદાટ બિલ્ડિંગોવાળી અઘઘ... ફી લેનારી શાળાઓ શું ખોટી? કે જે ધર્મના અંચળા હેઠળ તો આવું કશું કરતી નથી?

કોઇ સંપ્રદાય દંત-મંજન શેમ્પુ વેંચે છે, કોઇ શિબિરો ચલાવે છે, કોઇ સંપ્રદાય પ્રવચનોની સીડી વેચે છે... વ્યાખ્યાનો પર વ્યાખ્યાનો ચાલે જ રાખે છે... આ તો ધાર્મિકતાનો આફરો ચડાવ્યા જેવું છે...

સી.જી. રોડ બે વસ્તુને કારણે પ્રખ્યાત છે... એક ખૂબ જ ઢાબા ટાઇપ રેસ્ટોરાંના કારણે અને બીજું દરેક કિલોમીટરે આલીશાન મંદિરો આવતા હોવાના કારણે...

જો આ બધા જ સંપ્રદાયો IPO લાવીને લિસ્ટેડ થાય તો નવો ધાર્મિક ઇન્ડેક્ષ લાવીને તેજી પણ ટ્રેડિંગ કરી શકાય... (લાગતા- વળગતાઓ આ વાંચીને પ્રયત્ન શરૂ કરી દો યારો...) આપણા દેશમાં તો આ પણ શક્ય છે...

કૃષ્ણ મંદિર વાળા શિવજીને દેરીને ટેઇક ઓવર કરી લઇને પોતાની બ્રાન્ડ વેલ્યુ વધારી દે છે... હનુમાનજીના મંદિરમાં જઇએ તો ભૈરવ દાદા અને શનિ મહારાજ તો એક પર બે ફ્રીની સ્કીમમાં હાજર જ હોય છે ને! લોકોને પણ સારું રહે 'એંક કાંકરે બે-ત્રણ પક્ષી મારી દેવાય...'

હવે ધીમે-ધીમે મંદિરોમાંથી ભોજનશાળાઓ અને સંપ્રદાયો દૂર થઇ રહ્યા છે અને પિઝા, ભાજીપાઉં, ચણા-પૂરીના Self Service Counter ખૂલી રહ્યા છે.

તો પછી સામાન્ય માણસ વિચારે કે સિનેમા જોવા જઇને Interval માં પોપકોર્ન - પેપ્સી શા માટે ખાવા? આના કરતા તો પ્રવચનમાં જઇને બ્રેકમાં Pizza ન ખાઇએ... At least મંદિરના પ્રાંગણમાં પેટની ધન્યતા સાથે ધર્મની ધન્યતા પણ અનુભવાશે...

અત્યારે મોટા ભાગના સંપ્રદાયો પાસે એટલી જમીનો અને Reserved Capital Market છે કે, તેઓ મીડકેપ સેક્ટરની રીઅલ એસ્ટેટ કંપનીઝનો સામનો કરી શકે... પણ આવું નહિ થાય... સંપ્રદાય કોમર્શીયલ લાગે ને!

કોઇ સંપ્રદાય એવું કહેતા આગળ આવ્યો કે ભારતમાં ગામડાઓમાં હજી સુધી કુદરતી હાજર માટે શૌચાલયની વ્યવસ્થા નથી, તો જાહેર શૌચાલયો બનાવીએ! ત્યારે તો મોં મચકોડીને કહેશો કે આ કામ તો સરકારની છે... તો શું તેમના ટ્રસ્ટોને જૂની જંત્રી પ્રમાણએ અને ટોકન દરો એ જે જમીનો આપી છે તેમાં તમાકુની ખેતી કરવી છે? દુનિયાનો કોઇ ધર્મ ખોટું કે ખરાબ શીખવતો નથી; બની બેઠેલા ધર્માત્માઓ જ ગડબડ ઊભી કરે છે...

રોજિંદી હાડમારી અને પરેશાનીઓથી ત્રસ્ત પ્રજા કોઇ આશરો શોધવા સહારાની ખોજમાં જે - તે સંપ્રદાય વાળા બની જઇને... વાડાબંધી શરૂ કરે છે... "અમે ૐ અશાંતિવાળા..." અને "આશારામ વાળાં" અમે 'ગયારામ' વાળા...

અરે ભગવાન! હવે તો ભગવાન બતાવનારાઓની બીક લાગે છે... અને પ્રભુ તમને પણ સ્પ્લીટ એ.સી. અને ગૂગળના ધૂપની એલર્જી નથી થતી? આમ તો તમે અમને બધાને મંદિર અને શિબિરોના ચક્કરમાં રાખીને સ્વયં હિમાલયમાં જ રફુચક્કર થઇ ગયા છો! એટલે Safe છો...

પણ અમે માણસો પણ કાંઇ ઓછા નથી જુઓને ગ્લોબલ વોર્મિંગ ઊભું કરીને ઉત્તરાખંડની ત્રાસદી ફેલાવી જ દીધી ને! જલ્દી કોઇ સારી અને સલામત જગ્યાએ ચાલ્યા જાવ. ઇધર બહોત કન્ફ્યુઝન હૈ GOD!

ટચુકડી જા X ખ

જોઇએ છે :
ટ્રસ્ટીની ઓફિસ,
એમ્યુઝમેન્ટ પાર્ક
સી.ડી. શોપ,
ફૂટ કોર્ટ,
પેઇડ પાર્કીંગ અને
રોડ ટચ મંદિર માટે
"ભગવાન" જોઇએ છે